# હિસાબ નિયામકશ્રીની કચેરી
# નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી–૩૯૬૪૫૦

NAVSARI AGRICULTURAL UNIVERSITY

## :: પરિપત્ર ::

**વિષયઃ–** કચેરીની ઈન્કમટેક્ષની કામગીરી માટે ડિઝીટલ સીગ્નેચર લેવા બાબત..

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તમામ કચેરીના વડાશ્રીઓને જણાવવાનું કે, આવકવેરા કચેરી તરફથી જે તે કચેરીને આવકવેરા વિભાગ તરફથી મળેલ નોટિસ અંગેની ચર્ચા કરવા ચાર્ટડ એકાઉન્ટન્ટ શ્રી ભૂપેન્દ્ર દુબેની હાજરીમાં તા. ૦૬/૦૭/૨૦૧૯ ના રોજ સેમીનાર રાખવામાં આવેલ. જેમાં નકકી થયા મુજબ જે તે કચેરીના TAN નંબર માટે ડિઝીટલ સીગ્નેચર મેળવી લેવું જરૂરી હોય, આ કાર્યવાહી કરવા માટે જે તે કચેરીના નાણાં ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીને આ સત્તા સોંપવામાં આવે છે અને જે અંગેની ફી એક વર્ષ માટેનાં **રૂ. ૧૫૦૦/–** (એક હજાર પાંચસો પુરા) જે તે કચેરીનાં કાર્યરત બજેટ સદરમાં મંજુર થયેલ ગ્રાન્ટની મર્યાદમાં ખર્ચ કરવાની મંજુરી આપવામાં આવે છે, તો જે તે કચેરીનાં ઉપાડ અને ચુકવણાં અધિકારીશ્રીઓએ ડિઝીટલ સીગ્નેચર મેળવવાની કાર્યવાહી ચાર્ટડ એકાઉન્ટન્ટ શ્રી દુબેની પરામર્શમાં રહીને **તા. ૩૧/૦૭/૨૦૧૯** સુધીમાં મેળવી લેવા જણાવવામાં આવે છે.

**સદરહું પરિપત્ર માન. કુલપતિશ્રીની મંજુરી મેળવી બહાર પાડવામાં આવે છે.**

**હિસાબ નિયામક**

જા.નં.નકૃયુ/કોમ્પ્ટ/કંટ્રોલ/૩૭૩૫/૧૯ નવસારી,
તા. ૦૬/૦૭/૧૯

**નકલ જય ભારત સાથ રવાનાઃ–**

(૧) માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, ન.કૃ.યુ., નવસારી તરફ જાણ સારુ.
(૨) આ યુનિવર્સિટીની તમામ કચેરીઓના વડાશ્રીઓ તરફ જાણ થવા સારુ.
(૩) આ યુનિવર્સિટીની તમામ કચેરીના નાણાં ઉપાડ અને ચુકવણાં અધિકારીશ્રીઓ તરફ અમલ કરવા સારુ.
(૪) શ્રી ભૂપેન્દ્ર દુબે, ચાર્ટડ એકાઉન્ટન્ટ, નવસારી તરફ જાણ સારુ તથા ઘટતું કરવા વિનંતી.